# માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના

(ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/UOR-૬/ખ)

## શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં અરજી કરતા વિદ્યાર્થીઓ માટે અગત્યની સુચના

1. ઉક્ત ઠરાવમાં દર્શાવેલ કોઈ પણ ગ્રુપમાં આવતા વિદ્યાર્થીઓ માટે "માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના"માં ઓનલાઈન ફોર્મ ભરવા માટેની વિગતો આ સાથે સામેલ છે.
2. આ યોજના માટે વિદ્યાર્થીએ વર્ષ ૨૦૨૧-૨૨માં સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોવો જોઈએ તથા પરિવારની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૪.૫૦ લાખ હોવી જોઇયે.
3. વિદ્યાર્થીએ ઓનલાઈન ફોર્મ https://scholarships.gujarat.gov.in/ પર રજીસ્ટ્રેશન કરી ભરવાનું રહેશે.
4. રજીસ્ટ્રેશન કરતા પહેલા વિદ્યાર્થીએ નોટીસ બોર્ડ પર આપેલી બધી વિગતો જેતે લાઇન પર ક્લીક કરી વાંચી લેવી તથા ત્યારબાદ જ ન લાઇન રજીસ્ટ્રેશન કરવું.
5. ઓનલાઇન રજીસ્ટ્રેશન માટે https://scholarships.gujarat.gov.in/ વેબસાઇટ પર લોગ-ઇન થવાનું રહેશે.
6. નોટીસ બોર્ડ પર દર્શાવેલ "New Registration" પર ક્લીક કરો.
7. પ્રથમ વખત રજીસ્ટ્રેશન માટે વિદ્યાર્થીએ "If you have not registered plz. Click for Registration" પર click કરવાનું રહેશે.
8. First Time Registration પર દર્શાવેલ લાગુ પડતી બધી વિગતો ભરી, મોબાઈલ નંબર એન્ટર કરી Get Password પર ક્લીક કરો. રજીસ્ટર થયેલા મોબાઈલ નંબર પર Password આવશે જેના વડે વિદ્યાર્થીએ લોગ ઇન થવાનું રહેશે. (વિદ્યાર્થીએ મોબાઈલ નંબર પોતાનો જ આપવો, અને સમગ્ર અભ્યાસક્રમનાં સમયગાળા દરમ્યાન બદલવો નહી, ભવિષ્યમાં એજ નંબર પર SMS દ્વારા માહિતી મોકલવામાં આવશે).
9. લોગ ઇન થયા પછી માંગવામાં આવેલ વિગતો ભરવાની રહેશે અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. વિદ્યાર્થીઓએ પોતાના ઓરીજીનલ દસ્તાવેજ સ્કેન કરીને ઓનલાઈન ફોર્મ સાથે અપલોડ કરવાના રહેશે. **અપલોડ કરવાના તમામ દસ્તાવેજો. jpg /.jpeg./ pdf ફોર્મેટમાં હોવા જોઈએ.તેમજ દસ્તાવેજ ૧.pdf ફોરમેટ હોય તો મહત્તમ 1 mbps અને ૨.jpg. /jpeg ફોરમેટ હોય તો 512 kbps સાઈઝમાં હોવા જોઈએ.**
10. વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યા ત્યાર પછીના ક્રમિક શૈક્ષણિક વર્ષમાં **રીન્યુઅલ શિષ્યવૃત્તિ** મેળવવા માટે અગાઉ જે વર્ષે શિષ્યવૃત્તિ મળી હોય તે પરીક્ષામાં ઓછામાં ઓછા **૫૦ %માર્ક્સ સાથે ઉત્તીર્ણ થવાનું** રહેશે અને જે તે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે જે તે શૈક્ષણિક વર્ષમાં **ઓછામાં ઓછી ૭૫ %હાજરી** હોવી જરૂરી રહેશે. જે અંગે સંસ્થાનું પ્રમાણપત્ર જરૂરી છે. **(ફોર્મેટ વેબસાઈટ પર ઉપલબ્ધ છે)**
11. વિદ્યાર્થીએ વાલીની આવકનું **નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ (આકારણી વર્ષ ૨૦૨૧-૨૨)**નું આવકનું પ્રમાણપત્ર મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારી પાસેથી મેળવવાનું રહેશે. વિદ્યાર્થીએ આપવાના સેલ્ફ ડીકલેરેશનમાં વાલી (માતા-પિતા)ની આવકની વિગતો આપવાની રહેશે.

**12.** વિદ્યાર્થીએ વાલીની આવકનું **નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ (આકારણી વર્ષ ૨૦૨૧-૨૨)**નું ઇન્કમટેક્ષ રિટર્ન અથવા ઇન્કમટેક્ષ રિટર્ન ન ભરેલ હોય તેઓએ "**આવકવેરાને પાત્ર આવક નથી હોવાનું સેલ્ફ ડીક્લેરેશન**" આપવાનું રહેશે. **(ફોર્મેટ વેબસાઈટ પર ઉપલબ્ધ છે)**

**13. જે વાલીઓની નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ (આકારણી વર્ષ ૨૦૨૧-૨૨)ની આવક રૂ. ૨.૫૦ લાખથી વધારે હશે તેમને ફરજિયાત ઇન્કમટેક્ષ રિટર્ન જોડવાનું રહેશે.**

14. વિદ્યાર્થી જે સંસ્થામા પ્રવેશ મેળવે તે સંસ્થાના આચાર્યશ્રી પાસેથી સંસ્થાના લેટરહેડ પર પ્રમાણપત્ર મેળવીને રજુ કરવાનું રહેશે .

**15.** સેલ્ફ ડીક્લેરેશન, સંસ્થાના આચાર્યશ્રી પાસેથી મેળવવાનુ પ્રમાણપત્ર **તથા આવકના પ્રમાણપત્રનું ફોર્મેટ વેબસાઈટ પર ઉપલબ્ધ છે.**

**16.** મંજૂર થયેલ મળવાપાત્ર સહાયની રકમ વિદ્યાર્થીના બેન્ક એકાઉન્ટમાં ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) હેઠળ સીધી જમા થતી હોવાથી વિદ્યાર્થીએ નેશનલાઈઝ્ડ બેન્કમાં ખાતું ખોલાવવાનું રહેશે અને આ બેન્ક ખાતા સાથે વિદ્યાર્થીએ પોતાનો આધાર નંબર જોડવાનો (seeding) રહેશે .**વિદ્યાર્થીએ પોતાના આધારનંબરની વિગત ઓનલાઈન અરજીમાં આપવાની રહેશે.**

**17.** આ યોજનાના અમલ માટે રાજ્યભરમાં ૨૭૮ હેલ્પ સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓએ પોતાના અભ્યાસક્રમને સંબંધિત નજીકના હેલ્પ સેન્ટર ખાતે જઈ અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે અને ચકાસણી બાદ અરજી પત્રક અને દસ્તાવેજોનો એક સેટ હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવવાનો રહેશે . હેલ્પ સેન્ટર ખાતે અરજી જમા કરાવીને Acknowledgement Receipt મેળવવાની રહેશે. **હેલ્પ સેન્ટર ખાતે અરજી ચકાસણી કરાવેલ હશે અને તેની Acknowledgement Receipt મેળવેલ હશે એજ વિદ્યાર્થીઓની અરજી માન્ય ગણવામાં આવશે.**

18. તબીબી અભ્યાસક્રમમાં માત્ર MBBS અભ્યાસક્રમ જ અને અન્ય તમામ અભ્યાસક્રમ જેવા કે ડેન્ટલ , નર્સિંગ ,ફિઝ્યોથેરેપી ,આયુર્વેદ વગેરેનો સમાવેશ પેરામેડીકલમાં અભ્યાસક્રમમાં કરવામાં આવશે.

19. પેરામેડીકલ ,તબીબી ,ઈજનેરી વગેરેમાં સ્વનિર્ભર અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારને જ ટ્યુશન ફીના ૫૦% અથવા મહત્તમ મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે.

**20. વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યાના ૧૫ દિવસમાં સંબંધિત અભ્યાસક્રમના નજીકના હેલ્પ સેન્ટર ખાતે જઈ દસ્તાવેજોની ચકાસણીની કાર્યવાહી પુર્ણ કરાવવાની રહેશે .**

21. પાત્રતા ધરાવતા વિદ્યાર્થીએ આ યોજનામાં અગાઉ અરજી ન કરેલ હોય અને બીજા વર્ષથી શિષ્યવૃત્તિ મેળવવા માંગતા હોય એ વિદ્યાર્થીઓએ જ "Delayed Application" પર ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ચાલુ વર્ષ માટેની જ સહાય મળવાપાત્ર થશે. અગાઉના વર્ષ માટે કોઈ સહાય મળવાપાત્ર થશે નહિ.

22. યોજનાની વધુ માહિતી હેલ્પ લાઈન નં ૭૦૪૩૩૩૩૧૮૧(૧૦:૩૦ થી ૧૮:૦૦ દરમ્યાન) પરથી મળી શકશે અને cmss-kcg@gujgov.edu.in પરથી મળી રહેશે.

## <u>પ્રથમવાર અરજી કરતા વિદ્યાર્થીઓએ જોડવાના થતા દસ્તાવેજોની સૂચી</u>

- આધારકાર્ડની **<u>સ્વપ્રમાણિત</u>** નકલ
- ધોરણ ૧૨ પાસ કર્યાની માર્કશીટની <u>સ્વપ્રમાણિત</u> નકલ
- શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ની <u>સ્વપ્રમાણિત</u> નકલ
- ડીગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યાનો પ્રવેશ સમિતિના લેટરની **<u>સ્વપ્રમાણિત</u>** નકલ,
- ટ્યુશન ફી ભર્યાની તમામ પહોંચની **<u>સ્વપ્રમાણિત</u>** નકલ
- સેલ્ફ ડીક્લેરેશન(અસલમાં)
- વાલીની આવકનું પ્રમાણપત્ર (મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારીનું)ની **<u>સ્વપ્રમાણિત</u>** નકલ,
- ઇન્કમટેક્ષ રીટર્નની સ્વ-પ્રમાણિત નકલ અથવા આવકવેરાને પાત્ર આવક ન થતી હોવા અંગેનું સેલ્ફ ડિક્લેરેશન (અસલમાં).
- સંસ્થાના આચાર્યશ્રીનું સંસ્થાના લેટરહેડ પર પ્રમાણપત્ર (અસલમાં),
- નેશનલાઈઝ્ડ બેન્કમાં બચત ખાતાની પાસબુકના પ્રથમ પાનાની **<u>સ્વપ્રમાણિત</u>** નકલ
- વિદ્યાર્થીએ જે ગ્રુપ સિલેક્ટ કરી અરજી કરી છે તેનાં પ્રમાણપત્રની નકલ/કેન્સલડ ચેક

## <u>રીન્યુઅલ અરજી કરતા વિદ્યાર્થીઓએ જોડવાના થતા દસ્તાવેજોની સૂચી</u>

- વિદ્યાર્થીના અગાઉના વર્ષની માર્કશીટની (સેમેસ્ટર સીસ્ટમ હોય તો બન્ને સેમેસ્ટરની માર્કશીટ) નકલ (સ્વપ્રમાણિત)
- ટ્યુશન ફી ભર્યાની તમામ પહોંચની સ્વપ્રમાણિત નકલ (અસલમાં)
- વાલીની આવકનું પ્રમાણપત્ર (મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારીનું) સ્વપ્રમાણિત નકલ,
- સંસ્થાના આચાર્યશ્રીનું સંસ્થાના લેટરહેડ પર રિન્યુઅલનું પ્રમાણપત્ર (અસલમાં),
- નેશનલાઈઝ્ડ બેન્કમાં બચત ખાતાની પાસબુકના પ્રથમ પાનાની સ્વપ્રમાણિત નકલ/કેન્સલડ ચેક
- ઇન્કમટેક્ષ રીટર્નની સ્વ-પ્રમાણિત નકલ અથવા આવકવેરાને પાત્ર આવક ન થતી હોવા અંગેનું સેલ્ફ ડિક્લેરેશન (અસલમાં).
- વિદ્યાર્થીએ જે ગ્રુપ સિલેક્ટ કરી અરજી કરી છે,તેનાં પ્રમાણપત્રની નકલ

**વિદ્યાર્થીએ જે ગ્રુપ સિલેક્ટ કરી અરજી કરી છે,તેનાં પ્રમાણપત્રની નકલ તેમણે રજુ કરવાની રહેશે તેની યાદી નીચે મુજબ છે. (વિદ્યાર્થીને લાગુ પડતા પ્રમાણપત્રો જ રજુ કરવાના રહેશે.)**

a) શ્રમિક કાર્ડ
b) સેનિક વેલફેંર બોર્ડનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર
c) વિકલાંગતાનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર
d) જાતિનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર
e) માતા પિતા અલગ થયાના પુરાવા (કોર્ટનો ચુકાદો)
f) માતા/પિતાનું મરણનું પ્રમાણપત્ર
g) અનાથ આશ્રમનું પ્રમાણપત્ર
h) વિધવા હોવાનું પ્રમાણપત્ર
i) ત્યકતા હોવાનું રૂ.૧૦૦ના સ્ટેમ પેપર પર એફિડેવિટ

- **આ ઉપરાંત વિદ્યાર્થીની અરજી મંજુર કરવા જરૂર જણાય તો કચેરી વિદ્યાર્થીના પરિણામ તથા કૌટુંબિક આવકને લગતા વધારાના દસ્તાવેજો માંગી શકે છે .**

"માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના"

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૪/UOR-૬/ખ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧.૦૨.૨૦૧૮

વંચાણે લીધા:

૧.શિક્ષણ વિભાગનો તા.૦૧.૦૩.૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક: એસસીએચ/૧૦૨૦૧૨/GOI-૯૩/છ
૨.શિક્ષણ વિભાગનો તા.૨૩.૦૭.૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/ UOR-૬/સ

આમુખ:

રાજયમાં અમલી વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓની સમીક્ષા કરી રાજય સરકારના શિક્ષણ વિભાગ હેઠળની અગાઉની તમામ શિષ્યવૃત્તિ યોજનાઓ રદ કરી એક નવી સુગ્રથિત શિષ્યવૃત્તિ યોજના નામે "માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના" ઉપર વંચાણે લીધેલા ક્રમાંક (૧) ના ઠરાવથી શરૂ કરવામાં આવી હતી. આ ઠરાવની વિવિધ જોગવાઇઓમાં બેન્ક લોન, વ્યવસાય, હોદ્દો પગારધોરણની મર્યાદા બાબતે મળેલ સૂચનોને ધ્યાને લઇ શિષ્યવૃત્તિના લાભમાં એક સૂત્રતા રહે તે માટે ક્રમાંક-૧ નો ઠરાવ રદ કરી વંચાણે લીધેલ ક્રમાંક-૨ ના ઠરાવથી માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાની જોગવાઇઓ નવેસરથી નક્કી કરવામાં આવી હતી. રાજયમાં ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે હાલમાં અમલી "મુખ્યમંત્રીશ્રી યુવા સ્વાવલંબન યોજના"ના અમલીકરણ બાદ વિદ્યાર્થીઓ માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાનો અપેક્ષિત લાભ લેતા ન હોવાથી તેમજ બદલાતી જતી પરિસ્થિતિને ધ્યાને લઇ માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત નિયત થયેલ લાભાર્થી વિદ્યાર્થીઓની કેટેગરી, પાત્રતા અને તેઓને મળવાપાત્ર રકમમાં જરૂરી સુધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

૨. પુખ્ત વિચારણાને અંતે, માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત લાભાર્થી વિદ્યાર્થીઓની કેટગરી, પાત્રતા અને તેઓને મળવાપાત્ર રકમમાં નીચે મુજબના સુધારા કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

લાભાર્થી વિદ્યાર્થી કયા ગ્રુપમાંથી આવશે.

(૧) રાજ્યના ૫૦% થી ઓછો મહિલા સાક્ષરતા દર ધરાવતા ૫૦ તાલુકાઓની શાળાઓમાંથી ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરનાર કન્યાઓને આ યોજના નીચે જેટલી સંખ્યા ઠરાવવામાં આવે તે સંખ્યાની મર્યાદામાં તેઓ મેરીટમાં આવતા હશે તો તેઓને શિષ્યવૃત્તિ મળવાપાત્ર રેહશે.

(૨) ગુજરાત રાજ્યના વતની હોય અને યુધ્ધ, આતંકવાદ, નકસલવાદ જેવા કારણોસર ફરજો દરમ્યાન માર્યા ગયા હોય અથવા કાયમી વિકલાંગ થયા હોય તેવા ભારતીય સેનાના કેન્દ્રિય કે રાજયના અર્ધલશ્કરી દળોના કેન્દ્રિય કે રાજ્ય અનામત પોલિસદળોના અને ગુજરાત પોલીસદળના જવાનોના સંતાનો કે જેઓએ ધોરણ-૧૨ ની પરીક્ષા પાસ કરી હોય તેઓને આ યોજના નીચે જેટલી સંખ્યા ઠરાવવામાં આવે તે સંખ્યાની મર્યાદામાં તેઓ મેરિટમાં આવતા હશે તો તેઓ શિષ્યવૃતિ મેળવવાપાત્ર રહેશે.

(૩) શ્રમિકકાર્ડ ધરવતા શ્રમિક વાલીના ધોરણ ૧૨ પછીના કોઇપણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તેવા બાળકો;

(૪) ધોરણ ૧૨ પછીના કોઇપણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તેવા ૪૦% થી વધુ વિકલાંગતા ધરવતા વાલીના બાળકો અથવા પોતે ૪૦% ટકાથી વધુ વિકલાંગતાધરાવતા હોય તેવા બાળકો,

(૫) ધોરણ ૧૨ પછીના કોઇપણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તેવી વિધવા મહિલાના બાળકો;

(૬) ધોરણ ૧૨ પછીના કોઈ પણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તેવા અનાથ બાળકો જેના માતા-પિતા બન્ને મરણ પામેલ હોય;

(૭) ધોરણ ૧૨ પછીના કોઈ પણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તેવી ડિવોર્સી/ત્યકતા મહિલાના બાળકો.

ઉક્ત કેટેગરીમાં આવતાં ધોરણ ૧૨ પાસ વિદ્યાર્થીઓ માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળવા પાત્ર બનશે.

<u>આવકમર્યાદા:-</u>

રૂ.૪.૫૦ લાખ સુધીની વાર્ષિક આવક

<u>અનામત વર્ગોના બાળકો માટે આરક્ષણ :-</u>

અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ,સમાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને શારીરિક અશક્તતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે કુલ લાભાર્થી સંખ્યાની ટકાવારીમાં આ યોજનામાં નિયમ મુજબ ભરતી સમયે રાખવામાં આવતી ટકાવારી જેટલી (શિષ્યવૃત્તિ સંખ્યા) અનામત રહેશે.

<u>શિષ્યવૃત્તિની સંખ્યા:-</u>

૨૫૦૦ શિષ્યવૃત્તિઓ

<u>શિષ્યવૃત્તિ માટેના અભ્યાસક્રમો:-</u>

મેડીકલ અભ્યાસક્રમ માટે - ૨૫૦ શિષ્યવૃત્તિ

પેરામેડીકલ અભ્યાસક્રમો માટે - ૨૫૦ શિષ્યવૃત્તિ

ઇજનેરી તથા પ્રોફેસનલ અભ્યાસક્રમો માટે - ૧૦૦૦ શિષ્યવૃત્તિ

સાયન્સ(PCM)300(PCB)૧૦૦, કોમર્સ અને આર્ટસ ૬૦૦ - ૧૦૦૦ શિષ્યવૃત્તિ

શિષ્યવૃત્તિની રકમ;-

(૧) પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણના હેતુસર (પેરામેડીકલ માટે) જે તે સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફી ની ૫૦% રકમ અથવા રૂ. ૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ ) તે બે પૈકી જે ઓછું હોય તેટલી મંજુર કરી શકાશે.

(૨) તબીબી અભ્યાસક્રમો માટે નિયત થયેલી વાર્ષિક ટ્યુશન ફી ની ૫૦% રકમ અથવા રૂ.૪,૦૦,૦૦૦ (રૂપિયા ચાર લાખ ) તે બે પૈકી જે ઓછું હોય તો તેટલી શિષ્યવૃતિ મંજુર કરી શકાશે.

(૩) પાત્રતા ધરાવતા હોય તેવા ઇજનેરી તથા પ્રોફેશનલ કોર્ષ માટે ટ્યુશન ફી ના ૫૦% રકમ અથવા રૂ.૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ ) તે બે પૈકી જે ઓછી હોય તેટલી રકમ.

(૪) પાત્રતા ધરાવતા હોય તેવા રાજ્યની સરકારી/ ગ્રાન્ટેડ સંસ્થાઓ જેવી કે સાયન્સ, કોમર્સ્ , આર્ટ્સ માં પ્રવેશ મેળવનાર વિધ્યાર્થીઓને મેરિટ ના આધારે રૂ.૧૦,૦૦૦( રૂપિયા દસ હજાર) શિષ્યવૃતિ મળવાપાત્ર થશે.

૩. માન.મુખ્યમંત્રીશ્રી યુવાસ્વાવલંબન યોજના નીચે શિષ્યવૃત્તિ મેળવનાર લાભાર્થીને આ યોજના નીચે પણ લાભ મળવાપાત્ર થશે. આમ, આ યોજના માન.મુખ્યમંત્રીશ્રી યુવા સ્વાવલંબન યોજનાની પૂરક યોજના બનશે.

૪. આ યોજનાના અમલીકરણ માટેની અન્ય શરતો યથાવત રહેશે.

૫. આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૪.૧૦.૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અશોકસિંહ પરમાર)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
-માન.રા.ક.મંત્રીશ્રી(ઉ.અનેટે.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ – ૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ – ૨ (પે એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.

- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  (વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતીસહ)
- સેકશન અધિકારીશ્રી, ખ-૧, ખ-૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.